<u>સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના</u>

**માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના કાયદાની કલમ ૪(૧)(બી) અંતર્ગત માહિતી.**

<u>સામાન્ય માહિતી</u> : સાગરકાંઠા વિસ્તારના હવામાન અને હવામાં રહેલી આર્દ્રતાને કારણે વિજ વીતરણના વીજરેષાઓના માળખાને નીચે મુજબ નુકશાન થાય છે.

- ⇒ વિજવાયરોમાં કાટ લાગવો.
- ⇒ વિજ થાંભલાઓનું ખવાણ
- ⇒ વિવિધ પ્રકારના ઇન્સ્યુલેટરને નુકશાન.
- ⇒ ડીસ્ટ્રીબ્યુશન બોક્સને કાટ લાગવો
- ⇒ સર્વિસ વાયરમાં ખરાબી

- ➢ માળખાકીય સુવિધા ગુણવત્તાસભર બને તેમજ આવા વિસ્તારમાં રહેતા લોકોનું જીવનધોરણ સમૃદ્ધ બને તે હેતુથી માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર દ્વારા તા. ૦૬.૦૩.૨૦૦૭ ના રોજ આ યોજનાની જાહેરાત કરી.
- ➢ આ યોજનામાં કૂલ બાર મુદ્દાનો સમાવેશ છે. જે પૈકીનો એક મુદ્દો ઊર્જા વિકાસ છે.
- ➢ સાગરકાંઠા વિસ્તારના ૧૨ જીલ્લાઓના કૂલ ૩૮ તાલુકાઓ આવરી લેવાયેલ છે. જે પૈકી મધ્ય ગુજરાત વીજ કંપનીના તાબા હેઠળ <u>આણંદ જીલ્લાના ખંભાત તાલુકાનો</u> સમાવેશ થાય છે.
- ➢ આ યોજના હેઠળ વિજ વિતરણના માળખાની હયાત વિજ રેષાઓમાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ કરવામાં આવે છે.
  - ⇒ ઓછી કાટ નિરોધક ક્ષમતાવાળા ઓલ એલ્યુમિનિયમ તથા એ.સી.એસ.આર. વિજ વાયરો બદલાવી કાટ નિરોધક ઓલ એલ્યુમિનિયમ એલોય વિજ વાયરો નાંખવા.
  - ⇒ ખરાબ થયેલ ઇન્સ્યુલેટર્સ અને હાર્ડવેર બદલવા.
  - ⇒ ખરાબ થઇ ગયેલ ડિસ્ટ્રીબ્યુશન બોક્સ બદલવા.
  - ⇒ ખરાબ થઇ ગયેલ સર્વિસ લાઇનો બદલવી.
- ➢ અર્થીંગ રીએક્ટીવેશન, લાઇનને ગાર્ડીંગ કરવા, થાંભલાને મફીંગ / કોંક્રેટીંગ કરવું, સર્વિસ બોક્સ લગાવવા જેવી અન્ય કામગીરી.

  નાંણાકીય વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ નું આયોજન તથા ભૌતિક અને નાંણાકીય સિદ્ધિઓની વિગત દર્શાવેલ પત્રક મુજબ છે.
- ➢ યોજનાથી દરિયાકાંઠા વિસ્તારોમાં વસતા લોકોને તથા વીજ કંપનીને નીચે મુજબના ફાયદા થઇ શકે છે.
  - ⇒ વિજ-વિક્ષેપોની માત્રામાં નોંધપાત્ર ઘટાડો
  - ⇒ ઉચ્ચ ગુણવત્તયુક્ત વિજપૂરવઠાની ઉપલબ્ધી
  - ⇒ દરિયાકાંઠાના ઉદ્યોગોને થતા નુકશાનમાં ઘટાડો
  - ⇒ વિજ વાયરો તૂટવાને કારણે થતા અકસ્માતોમાં ઘટાડો
  - ⇒ ઔદ્યોગિક, ખેતીવાડી તથા ગૃહવપરાશના ગ્રાહકોને પૂરતા દબાણથી વિજપૂરવઠો ઉપલબ્ધ
  - ⇒ ભવિષ્યમાં પણ ગામડાઓને ગુણવત્તાસભર વિજપ્રવાહનો લાભ
  - ⇒ વિજ મોટરો બળવાના તેમજ ટ્રાન્સફોર્મર નિષ્ફળ જવાના પ્રમાણમાં ઘટાડો
  - ⇒ વિજલાઇનોના રોજિંદા નિભાવ અને ખર્ચમાં ઘટાડો
  - ⇒ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન લોસમાં ઘટાડો

# મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ

## સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ આણંદ જીલ્લાના ખંભાત તાલુકાના વર્ષવાર ભૌતિક અને નાણાકીય આયોજન અને સિદ્ધિ દર્શાવતું પત્રક

| નાણાકીય વર્ષ | ભૌતિક આયોજન | | | | | | નાણાકીય આયોજન (રૂા. લાખમાં) | ભૌતિક સિદ્ધિ | | | | | | નાણાકીય સિદ્ધિ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કન્ડક્ટર બદલવા (કી.મી.) | થાંભલા બદલવા (નંગ) | ડીસ્ક ઇન્સ્યુલેટર હાર્ડવેર સહિત બદલવા (નંગ) | પીન ઇન્સ્યુલેટર હાર્ડવેર સહિત બદલવા (નંગ) | બોક્સ બદલવા (નંગ) | સર્વિસ લાઇન બદલવી (કી.મી.) | | કન્ડક્ટર બદલવા (કી.મી.) | થાંભલા બદલવા (નંગ) | ડીસ્ક ઇન્સ્યુલેટર હાર્ડવેર સહિત બદલવા (નંગ) | પીન ઇન્સ્યુલેટર હાર્ડવેર સહિત બદલવા (નંગ) | બોક્સ બદલવા (નંગ) | સર્વિસ લાઇન બદલવી (કી.મી.) | |
| ૨૦૦૭-૦૮ | આ વર્ષ દરમ્યાન નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ ન હતી. જેથી કામગીરી થઇ શકેલ નથી. | | | | | | | | | | | | | |
| ૨૦૦૮-૦૯ | ૫૫૪ | ૩૯૯ | ૩૦૮ | ૫૫૭ | ૧૩૧ | ૭૦ | ૨૦૦.૦૬ | ૪૬૮ | ૫૮૪ | ૭૩૪ | ૧૦૩૭ | ૧૭૮ | ૨૧૩.૭ | ૨૦૩.૬૫ |
| ૨૦૦૯-૧૦ | ૫૭૮ | ૨૨૭ | ૩૨૫ | ૫૧૮ | ૧૧૮ | ૯૫.૬ | ૨૦૦. | ૩૮૭ | ૮૩૩ | ૧૦૭૧ | ૧૧૩૭ | ૧૫૧ | ૨૪૪.૧૮ | ૨૨૨.૮૬ |
| ૨૦૧૦-૧૧ | ૫૦૦ | ૨૪૧ | ૧૨૯ | ૧૮૦ | ૬૭ | ૯૬.૪ | ૨૦૦. | ૧૫૯ | ૨૬૮ | ૩૨૦ | ૪૪૦ | ૯૭ | ૧૧૪.૩૩ | ૯૨.૪૫ |

**નોંધ :-** નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ ની સિદ્ધિ માહે નવેમ્બર-૨૦૧૦ અંતિતની છે.